# આસપાસ ચોપાસ

## પુના ગામ





ભવાની માતા મંદિર

### સિનેમા અને ઇતિહાસનો અનોખો સંગમ: મધર ઇન્ડિયા સાથે પુનાનો સંબંધ

પુના ગામનો સૌથી અનોખો અને ઓછો જાણીતો ઇતિહાસ સુપ્રસિદ્ધ ફિલ્મ 'મધર ઇન્ડિયા' સાથે જોડાયેલો છે. આ ક્લાસિક ફિલ્મમાં અભિનેતા રાજકુમાર અને અભિનેત્રી નરગિસના લગ્નનાં દૃશ્યો પુના ગામમાં જ શૂટ કરવામાં આવ્યાં હતાં. આજે પણ ગામમાં એ રસ્તાઓ અને ઘર હયાત છે, જ્યાં આ દૃશ્યો ફિલ્માવાયાં હતાં. આ ફિલ્મ સાથે જોડાયેલી એક વધુ યાદગાર વસ્તુ, એક બળદગાડું પણ અહીં જોવા મળે છે. આ બળદગાડું ગામના દેવજીભાઈ વૈદનું હતું, જે-તે સમયે આ વિસ્તારમાં વૈદ્ય તરીકે સેવા આપતા હતા. આ સવારીનો ઉપયોગ ૧૯૫૨માં બનેલી આ ફિલ્મમાં મુખ્ય દ્રશ્યો માટે કરવામાં આવ્યો હતો. રાજકુમાર અને નરગિસ જેવાં કલાકારો પણ આ બળદગાડામાં બેઠાં હતાં. આજે પણ આ બળદગાડું દેવજીભાઈના પુત્ર પ્રવીણભાઈ દેવજીભાઈ દ્વારા એક અમૂલ્ય યાદગીરી તરીકે સાચવવામાં આવ્યું છે.

### રાનીપરજ પરિષદ: સ્વાતંત્ર્ય સંગ્રામનું કેન્દ્ર



પુના ગામ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું હતું. આઝાદી પૂર્વે તા.૨૯-૪-૧૯૨૮ના રોજ સાતમી રાનીપરજ પરિષદનું આયોજન અહીંના સ્વરાજ આશ્રમ સામેના મેદાનમાં કરવામાં આવ્યું હતું. આ પરિષદના પ્રમુખ પદે સરદાર વલ્લભભાઈ પટેલ હતા અને તેમાં ૫૦૦૦થી વધુ સંપૂર્ણ ખાદીધારી રાનીપરજ લોકો હાજર રહ્યા હતા.આ પરિષદમાં ગાંધીજી પોતે હાજર રહી શક્યા નહોતા, પરંતુ તેમણે મોકલેલા સંદેશમાં બારડોલી લડતમાં ભાગ લેવા બદલ રાનીપરજ ભાઈ-બહેનોની પ્રશંસા કરી હતી. તેમણે લોકોને નિર્ભયતા કેળવવા અને દારૂ, જુગાર જેવાં વ્યસનો છોડવા પર ભાર મૂક્યો હતો. આ ઘટના પુના ગામના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં એક સુવર્ણ પાનું ઉમેરે છે.

### સ્વાતંત્ર્યવીરોની ભૂમિ

પુના ગામ માત્ર વન્યજીવન માટે જ નહીં, પરંતુ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા યોગદાન માટે પણ ગૌરવ અનુભવે છે. આ ગામમાંથી અનેક વીર સ્વાતંત્ર્ય સેનાનીઓએ આઝાદીની લડતમાં ભાગ લીધો હતો. આઝાદીના ઇતિહાસમાં તેમનું યોગદાન અમૂલ્ય છે. આ લડવૈયાઓએ પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશ માટે સંઘર્ષ કર્યો અને પુના ગામનું ગૌરવ વધાર્યું. તેમના નામ આજે પણ ગામના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયેલા છે. આ સ્વાતંત્ર્યવીરોમાં ગજરાબેન હાંસજીભાઈ ધોડિયા, પ્રેમાભાઈ મોતીભાઈ પટેલ, બહાદુરભાઈ ધનજીભાઈ પટેલ, મનસુખભાઇ કુમારસિંહ પટેલ, રાયસિંગભાઈ રાવજીભાઈ પટેલ, પરભુભાઈ મોતીભાઈ પટેલ, ડાહ્યાભાઈ કિકાભાઈ પટેલ, કુંવરજીભાઈ પ્રેમાભાઈ ધોડિયા, મંગુભાઇ ધોડિયા, મકાભાઈ ધોડિયા, છગનભાઇ છગડાભાઈ ધોડિયા, સોમાભાઈ ડાહ્યાભાઈ ધોડિયા, પરભુભાઈ ખુશાલભાઈ ધોડિયા, છનાભાઈ ઝીણાભાઈ પટેલ, હાકાભાઈ સોમાભાઈ પટેલ, ધીરજલાલ પટેલ અને રામજીભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ વીરોની વાર્તાઓ નવી પેઢી માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે.

### દીપડાનું અભયારણ્ય



પુના ગામની એક સૌથી નોંધપાત્ર ઓળખ અહીંના દીપડા છે. અહીં દીપડા દેખા દે એ કોઈ નવી વાત નથી. ગામના લોકો જાણે કે તેમની સાથે રહેવા ટેવાઈ ગયા છે. આ ખુલ્લેઆમ ફરતા દીપડાઓને કારણે ગામના લોકોએ વન વિભાગને અનેક રજૂઆતો કરી, જેના પરિણામે અત્યાર સુધીમાં અહીંથી અધધ કહી શકાય એટલા, ૩૦થી વધુ દીપડાને પાંજરામાં પૂરીને પકડવામાં આવ્યા છે. આટલી મોટી સંખ્યામાં દીપડા પકડાયા હોવા છતાં, આજે પણ તેમના દેખા દેવાના બનાવો અવિરત યથાવત છે. આ આંકડો ક્યાં જઈને અટકશે, તે જોવું રસપ્રદ રહેશે. આ ઘટનાઓ પુના ગામને ગુજરાતના નકશા પર એક ખાસ સ્થાન અપાવે છે, જ્યાં માનવ અને વન્યજીવન વચ્ચેનું સહઅસ્તિત્વ અજોડ રીતે જોવા મળે છે.

### એક વિરલ વ્યક્તિત્વ: હાકાભાઈ સોમાભાઈ પટેલ

પુના ગામની ઓળખ માત્ર કુદરતી કે ઐતિહાસિક કારણોથી જ નથી, પરંતુ અહીંના મહાન સમાજસેવક હાકાભાઈ સોમાભાઈ પટેલ જેવા વિરલ વ્યક્તિત્વને કારણે પણ છે. તેમનો જન્મ તા.૩૧-૧૨-૧૯૧૬ના રોજ ધોડિયા કોમના એક પરિશ્રમી કિસાન પરિવારમાં થયો હતો. ધોરણ ૬ સુધીનો અભ્યાસ કરીને તેમણે શિક્ષક બનવાનો વિકલ્પ છોડીને સમાજસેવાને પોતાનું જીવન સમર્પિત કર્યું. તેઓ પ્રેમાળ, પરોપકારી અને દયાળુ સ્વભાવના હતા. હાકાભાઈએ લગભગ ત્રણ દાયકા સુધી પુના ગામના સરપંચ તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપી. તેઓ સહકારી મંડળીઓ, જંગલ કામદાર મંડળી અને ધોડિયા સમાજની વિવિધ સંસ્થાઓના પ્રમુખ રહ્યા હતા. મહુવા સુગર ફેક્ટરીની સ્થાપનામાં તેમનું યોગદાન અદ્વિતીય હતું. વલવાડા હાઈસ્કૂલમાં તેમની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જે તેમનાં સેવાકાર્યોની યાદ અપાવે છે. મહુવા તાલુકા આદિવાસી સેવા સમાજના પ્રમુખ તરીકે પણ તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમનું જીવન 'જીવન અંજલિ થાજો' પંક્તિને સાર્થક કરનારું હતું. તા. ૨૨-૧૨-૧૯૯૭ના રોજ ટૂંકી માંદગી બાદ તેમણે આ દુનિયાને અલવિદા કહી. આજે પણ તેમના કાર્યોની સુવાસ ચોમેર ફેલાયેલી છે.

### કબડ્ડી રમતને ટકાવવાની પહેલ

આધુનિક સમયમાં ગ્રામ્ય વિસ્તારોમાં પરંપરાગત રમતો ધીરે ધીરે વિલુપ્ત થઈ રહી છે, ત્યારે પુના ગામના યુવાનોએ કબડ્ડી જેવી રાષ્ટ્રીય રમતને જીવંત રાખવા માટે એક અનુકરણીય પહેલ કરી છે. તેઓ દર વર્ષે કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરે છે, જેમાં આસપાસનાં ગામોની ટીમો ઉત્સાહભેર ભાગ લે છે. વિજેતા ટીમોને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેનાથી યુવાનોમાં આ રમત પ્રત્યે રુચિ જળવાય રહે છે. આ પ્રવૃત્તિ માત્ર રમતને જાળવી રાખતી નથી, પરંતુ યુવાનોમાં એકતા અને ખેલદિલીની ભાવના પણ જગાડે છે.



### વિકાસની આવશ્યકતાઓ

પુના ગામમાં વિકાસની ગતિ ધીમી પણ મક્કમ છે, છતાં અહીં હજુ પણ કેટલીક પાયાની જરૂરિયાતો છે, જે પૂરી થવાથી ગામનું જીવનધોરણ વધુ સુધરશે. ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે એક મોટી ટાંકીની જરૂર છે. આરોગ્ય સેવાઓ સુધારવા માટે આરોગ્ય સબ-સેન્ટરનું મકાન પણ હોવું જરૂરી છે. પરિવહન માટે નવા બસ સ્ટોપનું નિર્માણ અને ઘન કચરાના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થા પણ મહત્ત્વની છે. કૃષિ પેદાશોના વેચાણ માટે એપીએમસી અને આર્થિક વ્યવહારોની સુવિધા માટે એટીએમની જરૂરિયાત પણ અનુભવાઈ રહી છે. ચોમાસામાં પાણીના નિકાલ માટે યોગ્ય ગટર વ્યવસ્થા અને નદી કિનારે ધોબી ઘાટની સુવિધા પણ ગામના લોકો માટે આવશ્યક છે. આ ઉપરાંત નેટવર્કની સમસ્યાને કારણે બાળકોના ઓનલાઈન શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનો પણ ઉકેલ લાવવો જરૂરી છે.



પૂર્વ સરપંચ સ્નેહલ પટેલ





ગ્રામ પંચાયત



સ્મશાનભૂમિ



ડેપ્યુટી સરપંચ ભાવેશ પટેલ



કમ્યુનિટી હોલ



દૂધ મંડળી



બળદગાડું

(માહિતી સંકલન અને તસવીર મેહુલ પટેલ, અનાવલ)